**BIBLE 316**

# બાઈબલ શું છે?

**બાઈબલ શું છે?** બાઈબલ એ ઈશ્વરની તમારી સાથેની વાતચીત છે. બાઈબલ માત્ર ઈશ્વર વિશે જણાવે છે એટલું જ નહિ. પણ તે ઈશ્વર તરફથી જ આપવામાં આવેલ છે. તે પ્રેરણાદાયી (ઈશ્વરપ્રેરિત) છે. તે વાંચો. તેને સાંભળો. તેના વિશે વિચાર કરો. તેમાંથી શીખો. તેને તમારા જીવનમાં લાગુ કરો. પ્રેરિત પિતરે લખ્યું, *"નવાં જન્મેલાં બાળકોની જેમ નિષ્કપટ આત્મિક દૂધની ઇચ્છા રાખો. જેથી તે વડે તમે તારણ મેળવતાં સુધી વધો."* ૧ પિતર ૨:૨-૩.

**બાઈબલને અજોડ બનાવનારી બાબતો કઈ છે?** તેના ૬૬ પુસ્તકો ત્રણ (હિબ્રુ, અરામિક અને ગ્રીક) ભાષાઓમાં લગભગ ૧૬૦૦ વર્ષોના સમયગાળા દરમિયાન ચાલીસથી વધુ માણસો દ્વારા લખવામાં આવ્યા હતા, આટલી સદીઓ સુધી લખાયેલ પુસ્તક હોવા છતાં બાઈબલ એક અનોખી છતાં સુસંગત એવી વિષય-વસ્તુ ધરાવે છે. નવા કરારને ૫૦૦૦ થી પણ વધુ પ્રાચીન, પૂર્ણ અથવા આંશિક હસ્તપ્રતો દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે. બાઈબલની ખરાઈ તેની પરિપૂર્ણ થયેલ ભવિષ્યવાણીઓ, આધુનિક પુરાતત્વીય શોધો, તેમાં દર્શાવેલા ભૌગોલિક સ્થાનોની ચોકસાઈ અને નીતિવચનો (નામના પુસ્તક) માં જે સર્વ સમયને માટે પ્રસ્તુત એવું જ્ઞાન આપવામાં આવ્યું છે તે દ્વારા ચકાસવામાં આવેલ છે. બાઈબલ અત્યાર સુધી લખાયેલ સૌથી મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી પુસ્તક છે. અન્ય કોઈ પુસ્તકની આટલી વધુ નકલો છાપવામાં આવી નથી, કે આટલી વ્યાપક રીતે તેને પ્રાપ્ય બનાવવામાં આવ્યું નથી, આટલી બધી ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું નથી, આનાથી વધારે જીવનોનું બદલાણ કર્યું નથી અને આટલી બધી સદીઓ સુધી ટકી શક્યું પણ નથી. આપણે શું સ્વીકારવું જોઈએ ને કેવી રીતે જીવન જીવવું જોઈએ તે વિશે બાઈબલ જ એકમાત્ર અંતિમ અધિકાર ધરાવે છે. બાઈબલ બીજા બધા પુસ્તકો કરતાં સાવ અદકેરું છે.

**બાઈબલની લાક્ષણિકતાઓ શું છે?**

બાઈબલ ઈશ્વરપ્રેરિત છે. *"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે,"* ૨ તિમોથી ૩:૧૬.

બાઈબલ સત્ય છે. ઈસુએ પ્રાર્થના કરી, *"સત્યથી તેઓને પવિત્ર કરો; તમારું વચન સત્ય છે."* યોહાન ૧૭:૧૭.

બાઈબલ તેની બધી વિગતો માં એકદમ સચોટ છે. ઈસુએ કહ્યું, *"કેમ કે હું તમને ખચીત કહું છું કે, આકાશ તથા પૃથ્વી જતાં રહે ત્યાં સુધી બધાં પૂરાં થયા વગર નિયમશાસ્ત્રમાંથી એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ,"* માથ્થી ૫:૧૮. મૂળ હસ્તપ્રતોની ચોકસાઈ એવી રીતે જાળવી રાખવામાં આવી છે કે જેથી આજના બાઈબલનો અનુવાદ ૯૯% થી પણ વધુ સચોટ છે.

બાઈબલ શુદ્ધ છે. *"ઈશ્વરના [યહોવાના] શબ્દો શુદ્ધ છે. જમીન પરની ભઠ્ઠીમાં પરખેલું રૂપું, જે સાત વાર નિર્મળ કરેલું હોય તેના જેવા [તેઓ નિર્મળ છે],"* ગીતશાસ્ત્ર ૧૨:૬.

બાઈબલ શાશ્વત છે. *"ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચીમળાય છે; પણ આપણા ઈશ્વરનું વચન સર્વકાળ કાયમ રહેશે,"* યશાયા ૪૦:૮. બાઈબલ આજે પણ એટલું જ સુસંગત છે જેટલું તે પહેલી વાર લખાયું ત્યારે હતું.

બાઈબલ શક્તિશાળી છે. હિબ્રૂ ૪:૧૨, *"કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હ્રદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે."*

**બાઈબલમાંથી આપણને કયા વ્યક્તિગત ફાયદા મળી શકે?**

બાઈબલ આપણને સજ્જ કરે છે. *"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે. જેથી ઈશ્વરનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને માટે તૈયાર થાય,"* ૨ તિમોથી ૩:૧૬-૧૭.

આપણે પાપ ન કરીએ એ માટે બાઈબલ આપણી મદદ કરે છે. ગીતશાસ્ત્ર ૧૧૯:૯, ૧૧ આપણને તે કેવી રીતે કરવું તે જણાવે છે. *"જુવાન માણસ પોતાનો જીવનક્રમ શાથી શુદ્ધ કરી શકે? તમારા વચન પ્રમાણે [તેને વિષે] સાવધ રહેવાથી"* અને *"હું તમારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તમારું વચન મારા હ્રદયમાં રાખી મૂક્યું છે."*

બાઈબલ આપણને આજના માટે માર્ગદર્શન આપે છે (આપણા આગામી પગલા માટે) અને આપણા ભવિષ્ય માટે દિશા (અનુસરણનો માર્ગ) બતાવે છે. *"મારા પગોને માટે તમારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને માટે અજવાળારૂપ છે,"* ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫.

બાઈબલ જ્ઞાન એટલે કે ડહાપણ શીખવે છે. *"તમારાં વચનોનો ખુલાસો પ્રકાશ આપે છે, તે ભોળાને સમજણ આપે છે,"* ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦. જૂના કરારમાં નીતિવચનોમાં સર્વ સમયોમાં પ્રસ્તુત હોય એવું જ્ઞાન જોવા મળે છે.

બાઈબલ આપણને કપરાં સમયોમાં મદદ કરે છે. ગીતશાસ્ત્ર ૧૧૯:૫૦ આપણને પ્રોત્સાહન આપે છે, *"મારા દુ:ખમાં મને દિલાસો મળ્યો છે કે, તમારા વચને મને જીવાડ્યો છે."*

બાઈબલ આપણને આશા આપે છે. *"કેમ કે જેટલું અગાઉ લખવામાં આવ્યું હતું, તે આપણને શિખામણ [મળવા] ને માટે લખવામાં આવ્યું હતું કે, ધીરજથી તથા પવિત્ર શાસ્ત્રમાંના દિલાસાથી આપણે આશા રાખીએ,"* રોમનોને પત્ર ૧૫:૪.

બાબઈલ આપણને શાંતિ આપે છે. ગીતશાસ્ત્ર ૧૧૯:૧૬૫ વચન આપે છે, *"તમારા નિયમ પર પ્રેમ રાખનારાને બહુ શાંતિ મળે છે. તેઓને ઠોકર ખાવાનું કંઈ કારણ નથી."*

બાઈબલ આપણને આનંદ આપે છે. યર્મિયા ૧૫:૧૬ એક ઉદાહરણ આપે છે, *"તમારાં વચનો મને પ્રાપ્ત થયાં ને મેં તેઓને ખાધાં; અને તમારાં વચનોથી મારા હ્રદયમાં આનંદ તથા હર્ષ ઉત્પન્ન થયો; કેમ કે, હે ઈશ્વર, તમારા નામથી હું ઓળખાઉં છું."*

**બાઈબલ કેવી રીતે વાંચવું કે સાંભળવું જોઈએ?** એક કરતાં વધુ કલમ એટલે કે શ્લોકની તપાસ કરો. *"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે,"* ના ચાર હેતુઓ પર વિચાર કરો, ૨ તિમોથી ૩:૧૬. જેમ જેમ તમે વાંચો અથવા સાંભળો છો, તેમ તેમ આ ચાર પ્રશ્નો પૂછો. આ મને શું શીખવે છે? આ મને કેવી રીતે ઠપકો આપે છે? મારે કયા સુધારા કરવાની જરૂર છે? આ મને વધુ નિષ્ઠાવાન કે ન્યાયી બનવા માટે કેવી રીતે તાલીમ આપે છે?

**જો મારી પાસે બાઈબલ ન હોય તો શું?** બાઈબલનો એક સારો અનુવાદ ખરીદવા માટે પ્રયત્ન કરો. જો તમે એક ખરીદી શકતા નથી, તો ઘણા મફત ઑનલાઇન વાંચન અથવા સાંભળવા માટે ઉપલબ્ધ છે. મિત્ર અથવા મિત્રો સાથે બાઈબલ ખરીદવા અને તેને એકબીજા સાથે વહેંચવા વિચારો. અથવા તમારી મંડળી કે ચર્ચ અથવા સાથી વિશ્વાસીઓને કહો કે એક વ્યક્તિ જોરથી બાઈબલ વાંચે અને બાકીના જૂથ ધ્યાનપૂર્વક સાંભળે. *"...જેઓ ઈશ્વરની વાત સાંભળે છે અને પાળે છે તેઓને ધન્ય છે!"* લૂક ૧૧:૨૮.

**બાઈબલ શીખવતા શિક્ષકો અને આગેવાનો માટે કેટલીક ખાસ કલમો કે શ્લોકો કયા છે?** ઈસુના શબ્દમાં (જીવંત રીતે જોડાયેલા) રહીને તેમના શિષ્ય બનો. *"તેથી ઈસુએ તે યહૂદીઓને કહ્યું હતું કે, 'તમે મારા વચનમાં રહો, તો ખરેખર તમે મારા શિષ્યો છો,'"* યોહાન ૮:૩૧. અન્યો તમારો સ્વીકાર કરી શકે તે માટે બાઈબલનો અભ્યાસ કરો. *"જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર, અને ઈશ્વરને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર,"* ૨ તિમોથી ૨:૧૫.

**શા માટે બાઈબલ અનંત રીતે મહત્વપૂર્ણ છે?** પ્રેરિત યોહાને તેમની સુવાર્તા લખવાનો હેતુ જણાવ્યો. આ હેતુ એક રીતે આખા બાઈબલને લાગુ પાડી શકાય છે. *"ઈસુએ પોતાના શિષ્યોની રૂબરૂ બીજા ઘણા ચમત્કારો કર્યા કે, જે [નું વર્ણન] આ પુસ્તકમાં કરેલું નથી. પણ, 'ઈસુ તે જ ખ્રિસ્ત, ઈશ્વરના દીકરા છે, એવો તમે વિશ્વાસ કરો; અને વિશ્વાસ કરીને તેમના નામથી જીવન પામો માટે આટલી વાતો લખેલી છે,"* યોહાન ૨૦:૩૦-૩૧. તમે ઈસુમાં કેવી રીતે વિશ્વાસ કરો છો અને શાશ્વત જીવન મેળવવા શું કરો છો? www.Gospel316.org પર આ કેવી રીતે કરવું તે શોધી કાઢો.

**"ઘાસ સુકાઈ જાય છે, ફૂલ ચીમળાય છે; પણ આપણા ઈશ્વરનું વચન સર્વકાળ કાયમ રહેશે." યશાયા ૪૦:૮.**

*બાઈબલ શું છે?* © ૨૦૨૫ જોન ડી. મોરિસ III દ્વારા, એક્ટ્સ વન એઈટ દ્વારા પ્રકાશિત. તમે આ સંપૂર્ણ સામગ્રીને ફેરફાર કર્યા વિના, મુક્તપણે છાપી, નકલ કરી, પોસ્ટ કે ઈ-મેઇલ દ્વારા અથવા સંદેશ તરીકે મોકલી શકો છો. તમે તમારી મીનીસ્ટ્રી અથવા મંડળીનું નામ અથવા લોગો પાના એકની ટોચ પર ઉમેરી શકો છો અને પાના નંબર બે ના તળિયે નક્કર રેખા ઉપર તમારી સંપર્ક માહિતી ઉમેરી શકો છો. Bible316 ફક્ત બાઇબલ પર આધારિત છે. તે લોકોને ઈસુ ખ્રિસ્તને જાણી તેમની પર વિશ્વાસ કરવા અને પછી તેમના શિષ્યો બનવા માટે મદદ કરવા માટે અસ્તિત્વ ધરાવે છે. તમે એક્ટ્સ વન એઈટ (જો શક્ય હોય તો અંગ્રેજીમાં) ને Hello@Mail316.org પર ઇ-મેઇલ કરી શકો છો. બિન-અંગ્રેજી સંસ્કરણો માટે અનુવાદ સેવાઓ www.ChristianLingua.com દ્વારા પૂરી પાડવામાં આવી હતી. બાઈબલ શું છે? તેની સામગ્રી www.Bible316.org પર ૪૮ ભાષાઓમાં મફતમાં ઉપલબ્ધ છે. અંગ્રેજી સંસ્કરણમાં બાઇબલના અવતરણો ધ લોકમેન ફાઉન્ડેશનના ન્યૂ અમેરિકન સ્ટાન્ડર્ડ બાઇબલ ૧૯૯૫ માંથી છે. આ અનુવાદમાં બાઇબલના અવતરણો GUJOVBSI માંથી છે.